# ચૂંટણી પંચે જિલ્લાના રાજકીય આગેવાનોને સાંભળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના સીમાંકન અંગે વાંધા-સૂચનો અને



(તસવીર : દિપક જાની)

રાજકીય પક્ષો સાથેના રાજકીય પરામર્શની ઔપચારિકતા ચૂંટણીપંચે આજે સંપન્ન કરી કાયદાની મર્યાદામાં જો શક્ય હશે તો તે ચકાસી યોગ્ય કરવાની સાંત્વના આપી હતી.

આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રાજ્ય ચૂંટણી પંચે પંચાયતના સિમાંકન અંગે અગાઉ રજુ થયેલા ૮ અને સુધારાત્મક આદેશોને પગલે રજુ થયેલા ૫ મળી કુલ ૧૩ વાંધાઓ અંગેની રજુઆતો સાંભળી હતી.

ચૂંટણી કમિશનર ડૉ. વરેશ સિંહાના નેતૃત્વમાં આવેલ પંચની ટીમમાં પંચના સચિવ શ્રી મહેશ જોશી, નાયબ ચૂંટણી કમિશનર શ્રી રામાનુજ, શ્રીમતિ ફાતિમાબેન અને અન્ય અધિકારીઓ હતા.

પ્રારંભમાં અધિક નિવાસી કલેક્ટર શ્રી વી.એસ. કાલરિયાએ આગેવાનોને આવકારી અને પંચની ટીમનું સ્વાગત કર્યુ હતું.

પંચના સચિવશ્રી મહેશભાઈ જોશીએ પંચની પરામર્શ બેઠકનો હેતુ સમજાવી અને નવા સીમાંકન અંગેની વાત કરી હતી. જેમાં સીમાંકન બાબતે ધ્યાને લેવાયેલ બાબતોની સ્પષ્ટતા પણ હતી.

પંચ સમક્ષ કોંગ્રેસ દ્વારા નદી-નાળાઓ ધ્યાને નહિ લેવાયાની, બેઠકો

## કોંગ્રેસે સીમાંકન અંગે આક્રમક રજુઆત કરી : ભાજપે પણ છુટી છવાઈ રજુઆતો કરી : એક કલાકમાં બેઠક સંપન્ન

એક બીજાને ક્રોસ કરી પ્રચાર માટે જવુ પડે તેવી સ્થિતિ, રોટેશનના નિયમોનું મનધડત અર્થઘટન કરવામાં આવ્યું હોવાની રજુઆત કરી હતી.

ભારતીય જનતા પક્ષે પણ માણસા અને કેટલીક બેઠકો માટે રજુઆતો કરી હતી.

આ બેઠકમાં કોંગ્રેસ વતી સૂર્યસિંહ ડાભી, ધારાસભ્ય શ્રી અમીત ચૌધરી, શ્રીમતિ કામિનીબા રાઠોડ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. ભાજપ તરફથી શ્રી હિતેન્દુભાઈ પટેલ, ધારાસભ્ય અશોક પટેલના નેતૃત્વમાં પાંચથી વધુ આગેવાનો હાજર રહ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, અધિક નિવાસી કલેક્ટર શ્રી કાલરિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ અને જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં ત્રણ સ્થાનો પર નવરાત્રિ ઉત્સવ માટે જગ્યાની ફાળવણી

ગાંધીનગર તા ૨૧

નવદુર્ગાના નવલા નોરતાના દિવસો નજીકમાં આવી રહયા છે. જેને અનુલક્ષી નગરમાં ગરબા મહોત્સવના આયોજકોએ અત્યારથી જરૂરી તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વખતે પણ કલ્ચરલ ફોરમના ગરબા સે-૬ના મેદાનમાં યોજવામાં આવશે. ગરબાના મેદાન માટે તંત્ર સમક્ષ ૩ આયોજકોએ અરજી કરી પસંદગીની જગ્યા માંગી હતી. જયારે અન્ય કોઈ અરજદારો ન હોવાથી ડ્રોની પ્રક્રીયા પણ હાથ ધરવાનો પ્રશ્ન પણ ઉભો થયો ન હતો. ગરબા મેદાન માટે ત્રણેય સંસ્થાઓને મરજી મુજબનુ મેદાન ફાળવી દેવામાં આવ્યુ છે.

## કલ્ચરલ ફોરમને સે-૬માં અને લાયન્સ કલબ તથા થનગનાટને સેક્ટર-૧૧માં જગ્યાની ફાળવણી

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ વર્ષથી ગરબા મેદાનની ફાળવણી માટે ડ્રોની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. આયોજકોને ગરબાનુ મેદાન ફાળવવાની નવી પધ્ધતિ અપનાવી છે. આ વર્ષે પણ નવરાત્રિના દિવસો નજીકમાં આવતા ગરબા મહોત્સવના આયોજકો તૈયારીમાં લાગી ગયા છે. ગરબાના આયોજન માટે પણ નગરની ત્રણ સંસ્થાઓ દ્વારા ગરબાના મેદાન માટે અરજી કરવામાં આવી હતી. જેમા કલ્ચરલ ફોરમે ગત વર્ષની જેમ સે-૬ ના મેદાન માટે અરજી કરી હતી જયારે લાયન્સ કલબ દ્વારા પણ ચ-૩ ના નિયત મેદાન માટે વિભાગ સમક્ષ મેદાન ફાળવવા અરજી કરવામાં આવી હતી.આ ઉપરાંત થનગનાટ કલા સંસ્થા દ્વારા રામકથા મેદાનની માંગણી કરવામાં આવી હતી. આ ત્રણેય મેદાન માટે કોઈ અન્ય અરજદારો તરફથી રજુઆત મળી ન હોવાથી તંત્ર દ્વારા નગરની ત્રણેય સંસ્થાઓને પસંદગી મુજબ ગરબા મેદાન ફાળવી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેને અનુલક્ષી ડ્રો ની પ્રક્રીયા હાથ ધરવાની અનિવાર્યતા પણ ઉભી થઈ ન હતી.ગત વર્ષની જેમ કલ્ચરલ ફોરમના ગરબા સે-૬ના વિશાળ મેદાનમાં યોજવામાં આવશે. જેને અનુલક્ષી ગરબારસિકોમાં પણ ઉત્સાહનુ મોજુ ફરિ વળ્યુ છે.

# રાયસણમાં આદર્શ નિવાસી શાળા બાંધવાનુ કામ શરૂ

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર જિલ્લામાં રાયસણ વિસ્તારમાં આદર્શ નિવાસી શાળા માટે નવુ બલ્ડિંગ તૈયાર કરવામાં

## ૧૫ કરોડનો ખર્ચ થશે આગામી માર્ચ મહીનામાં કામ પૂર્ણ કરી દેવાશે

આવી રહયુ છે.આગામી માર્ચ મહિનામાં સ્કુલનુ બિલ્ડીંગ તૈયાર કરી દેવામાં આવશે. શાળાના બિલ્ડીંગ નિર્માણ પાછળ રૂપિયા ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં અભ્યાસ કરતા આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓ માટે નવી શાળા તૈયાર થઈ રહી છે. શહેરમાં પણ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે શાળા કાર્યરત છે. જેના નવિનીકરણ માટે પણ અગાઉ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. શહેર નજીક રાયસણ વિસ્તારમાં પઁણ આદર્શ નિવાસી શાળાનુ બાંધકામ હાથ ધરવામાં આવ્યુ છે. આ વિસ્તારમાં પીડીપીયુ પાછળની સાઈડમાં શાળાનુ બિલ્ડિંગ બની રહયુ છે. તંત્ર દ્વારા બે મહિના અગાઉ નવા બિલ્ડીંગનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. બે મજલાની શાળા બાંધવા પાછળ અંદાજિત રૂપિયા ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.જેમા આનુસંગિક રસ્તા ફાયર સેફટી સિસ્ટમ તેમજ પાર્કીંગ સહિતની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે. આદર્શ નિવાસી શાળાનુ બિલ્ડિંગ બાંધવાનુ કામ આગામી માર્ચ મહિના સુધીમાં પૂર્ણ કરી દેવાશે.

# સેકટર-૬ની પ્રાથમિક શાળામાં બુલડોઝરથી કમ્પાઉન્ડ વોલમાં ગાબડુ

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં ગત મહીના


(તસવીર : કશ્યપ નિમાવત)

દરમિયાન તોફાની વરસાદે હરિયાળીની તબાહી મચાવી હતી.જયારે મહીનાના અંતે પણ ઘણાં ઠેકાણેથી વૃક્ષો દુર કરી શકાયા નથી. સે-૬ પ્રાથમિક શાળામાં ધરાશાયી થયેલા વૃક્ષો દુર કરતી વેળાએ નવી સમસ્યા સર્જાઈ છે. વૃક્ષો હટાવતા બુલડોઝરે શાળાની કમ્પાઉન્ડ વોલમાં ગાબડુ પાડતા નવી સમસ્યા ઉદભવી છે.

શહેરમાં વરસાદી વાયરામાં તુટી પડેલા વૃક્ષો હજુ પણ યથાવત

## તોફાની વરસાદમાં ધરાશાયી થયેલા વૃક્ષો હટાવવા બોલાવાયેલ બુલડોઝરથી કમ્પાઉન્ડ વૉલ તૂટી

સ્થાને જોવા મળી રહયા છે. એક મહિનાના અંતે પણ શહેરમાં ધરાશાયી થયેલા વૃક્ષો યથાવત હોવાથી નગરજનોની હાલાકીનો અંત આવ્યો નથી. નગરમાં નજર નાંખો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા તંત્રના ૧૨ કર્મચારીઓ વર્ગ-૧-૨ની પ્રિલીમમાં ઉત્તીર્ણ થયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના એક ડઝન જેટલા કર્મચારીઓ વર્ગ-૧ અને ૨ ની પ્રિલીમ પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં કર્મચારીઓમાં આજે ખુશીનો માહોલ જોવા મળતો હતો.

જિલ્લા કલેક્ટર કચેરીના ૧૫ નાયબ મામલતદારો આ પરીક્ષામાં બેઠા હતા જેમાંથી નવ નાયબ મામલતદારો ઉત્તીર્ણ થયા છે. જે નાયબ મામલતદારો ઉત્તીર્ણ થયા છે તેમાં શ્રી સી.એલ. સુતરિયા, શ્રી કે.બી. બારિયા, જીતાબેન પટેલ, ભાવનાબેન દેસાઈ, યોગેશ દેસાઈ, આર.ડી. પટેલ, સવસીભાઈ પટેલ, જયમીનભાઈ પટેલ અને હિતેશ ચૌહાણનો સમાવેશ થાય છે.

## કર્મચારીઓમાં ખુશીનો માહોલ : નવ નાયબ મામલતદારો અને એક ચીટનીસ તથા અધિકારી પણ પાસ થયા

આ ઉપરાંત જિલ્લા પંચાયતના મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર નિલમબેન વ્યાસ, નાયબ ચીટનીસ ભાગ્યેશભાઈ પટેલ તથા એક મહિલા કર્મચારીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાંથી આમ તો ૧૫૧ થી વધુ પરીક્ષાર્થીઓ પ્રિલીમ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

હવે પછીની પરીક્ષાના આયોજનની તૈયારીઓમાં આ કર્મચારીઓ આજથી જ વ્યસ્ત બની ગયા છે.




# નવા ગાંધીનગરમાં સાંજ ઢળતા અંધકાર છવાય જાય છે

ગાંધીનગર તા.૨૧

ગતિશીલ ગુજરાતમાં ગાંધીનગર શહેરનો પણ રોકેટગતિએ વિકાસ થયો છે. ગાંધીનગર જેટલુ બીજુ નગર નિર્માણ પામ્યું છે. નગરની ભાગોળે આવેલા સરગાસણ, કુડાસણ, અને વાવોલ વિસ્તારમાં ફલેટ, રો હાઉસ, બંગલોઝ આવેલા છે. નવવિકસિત વિસ્તારમાં હજારો લોકો વસવાટ કરે છે. પરંતુ આ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાનો અભાવ જોવા મળે છે. ન્યુ ગાંધીનગર સાંજ ઢળતા અંધકાર મય બની જાય છે. રાત્રીના સમયે મહિલા અને બાળકો માર્ગ પરથી પસાર થતા ડર અનુભવે છે. તંત્ર દ્વારા આ વિસ્તાર ઝડપી ઈલેકટ્રીકસીટીના થાંભલા નાખી સલામત બનાવવામાં આવે તેવું સ્થાનિક રહીશો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેર છેલ્લા ઘણા વર્ષોથી પ્રગતિ ના પંથે છે. નગર જેવડુ બીજુ નગર નિર્માણ પામ્યું છે. નગરમાં તો પ્રાથમિક સુવિધાઓ ઉપલ્બધ છે. પરંતુ નવવિકસિત વિસ્તારમાં લાઈટ, ગાર્ડન, દવાખાના જેવી પ્રાથમિક સુવિધાઓના નામે મીડું છે. પરંતુ સોથી અગત્યની લાઈટ સુવિધા છ. સરગાસણ, વાવોલ, કુડાસણ માં હજારો લોકો વસવાટ કરે છે. પરંતુ સાંજ પડતા આ વિસ્તાર અંધકારમાં ગરકાવ થતા માર્ગ પરથી પસાર થતા ડર અનુભવે છે. અંધકારને પરિણામે આ વિસ્તારમાં અનૈતિક પ્રવૃતિઓ ધમધમી રહી છે. ચેઈન સ્નેચરો માટે પણ આવા વિસ્તારો હોટ ફેવરીટ બન્યા છે.

# કોર્ટ સંકુલના ગેટ નં-૨ની આસપાસ યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા કરવા ફેન્સીંગ

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર કોર્ટ સંકુલ બહાર ગેટ નં-૨ પાસે પાર્કિંગ વ્યવસ્થા યોગ્ય વાહનોની સલામતી જોખમાઈ હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જયારે કોર્ટના ગેટ નં-૨ પાસે બહારના પાર્કીંગમાંથી વાહનોની ચોરી થતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. કોર્ટ સંકુલ


(તસવીર : કશ્યપ નિમાવત)

કરવા ફેન્સીંગ કરી દેવામાં આવી છે. વકીલોના વાહનોની સલામતી માટે હોમગાર્ડનો પહેરો પણ ગોઠવી દેવાયો છે. નવી પાર્કીંગ વ્યવસ્થાના લીધે હવે ટુ વ્હીલર તેમજ કાર પાર્કીંગની વ્યવસ્થા પણ અલગથી કરવામાં આવી છે.

## વાહનો યોગ્ય રીતે પાર્ક થાય તે માટે હોમગાર્ડના જવાનોને જવાબદારી સોંપાઈ

સે-૧૧ સ્થિત ડિસ્ટ્રીકટ કોર્ટમાં છેલ્લા ઘણાં સમયથી વાહન પાર્કીંગ વ્યવસ્થા ખાડે જતા વકીલોના રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થતા વકીલો તેમજ મુલાકાતીઓએ પારાવાર હાલાકી ભોગવવાનો વારો આવતો હતો. સિનિયર સિટિઝન્સ તેમજ મહીલાઓએ પાર્કીંગમાંથી વાહન ખસેડવાનુ પણ મુશ્કેલ બન્યુ હતુ. જયારે આવા સંજોગોમાં કોર્ટ બહારના સાંકડા રસ્તા પર વાહનો ખડકી દેવાતા ઘણીવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા સમસ્યાઓ ઉદભવતી હતી. થોડા સમય અગાઉ વકીલો દ્વારા આ મામલે કોર્ટ કાર્યવાહીથી અળગા રહી પ્રશ્નોના નિરાકરણ માટે પ્રબળ માંગ પણ કરવામાં આવી હતી. કોર્ટ પાર્કીંગની અવ્યવસ્થાના લીધે મુલાકાતીઓ અને વકીલો માટે

● અનુસંધાન પાન-૭ પર










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com